# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિટા દવે** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાત સરકારને 30 એપ્રિલ, 2025 સુધીમાં રાજ્યભરમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓનો સંપૂર્ણ અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું.

2) કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી ડોક્ટર જીતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે, સુશાસન માટે ગુજરાત સમગ્ર દેશનું રોલ મોડલ બન્યું છે.

3) રાજયની તમામ ચેરીટી કમિશનરની કચેરીઓના ફંડના ફાળાની રકમ જમા કરાવવા માટે‘‘ઇ પેમેન્ટ’’સુવિધાનો પ્રારંભ કરાયો.

4) કચ્છનાં લખપત તાલુકાના ગુનેરી ગામનાં 33 હેકટર વિસ્તારને 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરાઈ

5) આજે રાજ્યભરમાં શહીદ દિવસ નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SHAH GUJARAT CRIMINAL LAW MEET

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાત સરકારને 30 એપ્રિલ,2025 સુધીમાં તમામ કમિશ્નરેટમાં અને રાજ્યભરમાં શક્ય તેટલી વહેલી તકે ત્રણ નવા ફોજદારી કાયદાઓનો 100 ટકા અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

આજે નવી દિલ્હીમાં શ્રી શાહે રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેમાં રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

10 વર્ષથી વધુ સજાવાળા કેસોમાં 92 ટકાથી વધુ ચાર્જશીટ સમયસર દાખલ કરવા બદલ અને ઝીરો FIRને 100 ટકા FIRમાં રૂપાંતરિત કરવા બદલ શ્રી શાહે રાજ્ય સરકારની પ્રશંસા કરી હતી. તેમણે સૂચન કર્યું હતું કે, ગુજરાતની ફોરેન્સિક ક્રાઈમ મેનેજર પહેલને અન્ય રાજ્યોએ પણ અપનાવવી જોઈએ. તેમણે જણાવ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા માસિક, રાજ્યના ગૃહમંત્રી દ્વારા પખવાડિયામાં અને મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) અને પોલીસ મહાનિર્દેશકના સ્તરે સાપ્તાહિક સમીક્ષા થવી જોઈએ.

. . . . . . . . . . . . .

# GOOD GOVERNNANCE NATIONAL CONFERENCE

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી ડોક્ટર જીતેન્દ્રસિંહે જણાવ્યું છે કે, સુશાસનથી દેશની કાર્ય પધ્ધતિ બદલાઈ રહી છે અને સુશાસન માટે ગુજરાત સમગ્ર દેશનું રોલ મોડલ બન્યું છે.

આજે ગાંધીનગરમાં સુશાસન પર બે દિવસની રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ કરાવતા શ્રી સિંહે જણાવ્યું કે, નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સુશાસન વ્યવસ્થાનો પાયો નાખ્યો હતો.

સુશાસન માટે નરેન્દ્ર મોદી સરકારે લીધેલાં પગલાં અંગે તેમણે આ મુજબ જણાવ્યુ.....

(BYTE -- JITENDRA SINH, Central Minister)

ડોક્ટર સિંહે જણાવ્યું કે, દેશના અનેક રાજ્યોના અધિકારીઓ ગુજરાતમાં આયોજન માટે તત્પર હોય છે. તેમણે જણાવ્યું કે, ગુજરાત સરકારે અધિકારીઓ માટે શરૂ કરેલી ચિંતન શિબિર ગુડ ગવર્નન્સનું ઉત્તમ ઉદાહરણ છે.

રાજ્યના નાણામંત્રી કનુ દેસાઇએ જણાવ્યું કે, ડિજીટલ ક્ષેત્રમાં પણ ગુજરાત સરકાર અગ્રેસર છે અને ડિજિટલ ગવર્નન્સ દ્વારા સરકારે સ્વાગત જેવી અનેક પહેલ કરી છે. બે દિવસની આ પરિષદમાં શાસનમાં નવીન પ્રથાઓ અને ઉકેલ માટે રાષ્ટ્રીય અને રાજ્ય-સ્તરની જાહેર વહીવટી સંસ્થાઓના આગેવાનો ચર્ચા કરશે.

. . . . . . . . . . . . .

# E-PAYMENT-RISHIKESH PATEL

કાયદા મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે રાજયની તમામ ચેરીટી કમિશ્નરની કચેરીઓના ફંડના ફાળાની રકમ જમા કરાવવા માટે ''ઇ પેમેન્ટ'' સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો. ટ્રસ્ટીઓ હવે charitycommissioner.gujarat.gov.in વેબસાઇટ દ્વારા વધુ સરળતાથી ''ઇ પેમેન્ટ'' કરી શકશે.

સમગ્ર રાજ્યમાં અંદાજીત 2 કરોડ 76 લાખ ટ્રસ્ટો નોંધાયેલા છે. જેમાંથી મેડિકલ અને શિક્ષણ જેવા સેવા ક્ષેત્રે કામ કરતા ટ્રસ્ટોને બાદ કરતા કુલ અંદાજીત એક લાખ 65 હજાર જેટલા ટ્રસ્ટો પાસેથી ગત વર્ષે 10 કરોડ રૂપિયાથી વધુનો ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . .

# Local Bodys Election

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને આજે ભાજપની સંસદીય બૉર્ડની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ચૂંટણીના ઉમેદવારો અંગે તેમજ અગાઉ ભાજપ દ્વારા યોજાયેલી સેન્સ પ્રક્રિયામાં આવેલા નામની ચર્ચા કરવામાં આવી હતી.

મહીસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, લુણાવાડા, સંતરામપુર અને બાલાસિનોર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ સહિત અપક્ષ પેનલ પણ ચૂંટણી લડશે. લુણાવાડા નગરપાલિકાની ચૂંટણીમાં 155 અને બાલાસિનોર નગરપાલિકાની ચૂંટણીમાં 169 ઉમેદવારી પત્રો સાથે ચાર દિવસમાં કુલ 436 ઉમેદવારી પત્રો વહેંચાયા છે. પહેલી ફેબ્રુઆરી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હોવા છતાં ત્રણેય નગરપાલિકામાં અત્યાર સુધીમાં માત્ર એક જ ઉમેદવારીપત્ર ભરાયું છે.

છોટાઉદેપુરનાં પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, નગરપાલિકાની ચૂંટણી માટે અત્યાર સુધીમાં 162 ફોર્મ વહેંચાયા છે, જેમાંથી આજે 4 ઉમેદવારીપત્રો ભરાયાં છે. છોટાઉદેપુર નગર પાલિકાના 7 વોર્ડ ના ૨૮ સભ્યોની ચૂંટણી યોજાશે.

ભારતીય જનતા પાર્ટી, કોંગ્રસ, આમ આદમી પાર્ટી સહિત અપક્ષ ઉમેદવારો ચૂંટણી લડશે.

. . . . . . . . . . . . .

# Limbdi-Dhangradha Road

સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય રાજમાર્ગ-51ના લિંબડી-ધ્રાંગધ્રાનાં રૂટને બે લેનમાં અપગ્રેડ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 1001 કરોડ રૂપિયાના કામને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકકરીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં આ માહિતી આપી હતી.

રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-51 બેટ દ્વારકાથી શરૂ થાય છે અને કુડા ખાતે સમાપ્ત થાય છે. આ પ્રોજેક્ટ લીંબડી-સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા સેક્શનના અપગ્રેડેશન માટે છે. આ કોરિડોર સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રના મહત્વપૂર્ણ સ્થળોને જોડે છે અને બે મહત્વપૂર્ણ હાઇવે અમદાવાદ-વિરમગામ-માળીયા (SH-7)અને અમદાવાદ-રાજકોટ (NH-47)વચ્ચે ઇન્ટર કોરિડોર રૂટ તરીકે કામ કરે છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GERKAYDESAR KHAASURENDRANAGAR

સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા તાલુકામાં ગેરકાયદેસર ચાલતી ખાણ ખનીજ વહનની પ્રવૃત્તિ સામે આજે વિશેષ ઝુંબેશ હાથ ધરાઇ જેમાં પાંચ કરોડ 40 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. રાજકોટ હાઈવે, થાનગઢ રોડ, સાંગાણી પુલ ઉપર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આકસ્મિક રીતે ખાનગી રાહે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં રોયલ્ટી પાસ વગરના તેમજ ઓવર લોડેડ અનઅધિકૃત રીતે ખનીજનું વહન કરતા કુલ 16 ટ્રક સહિત 5 કરોડ 40 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તેમના વિરુદ્ધ કડક અને દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# KUTCH BIO DIVERSITY SITE

**કચ્છનાં લખપત તાલુકાના ગુનેરી ગામની કેટલીક જમીનને 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરવામાં આવી છે. પ્રસ્તુત છે આ અંગે અમારા પ્રતિનિધીનો અહેવાલ...**

## (VOICE CAST HEMANG PATNI)

*(પ્રવાસન અને પ્રકૃતિ માટે દેશ-વિદેશમાં આકર્ષણ ધરાવતા 'કચ્છ'ને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. કચ્છના લખપત તાલુકાના ગુનેરી ગામના આશરે 33 હેકટર વિસ્તારને ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વરા ગુજરાતની પ્રથમ" બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ " તરીકે જાહેર કરવામાં આવી છે.*

*'ઇનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી" સાઈટ અરબી સમુદ્રથી 45 કિલોમીટરના અંતરે અને કોરી ક્રીકથી ચાર કિલોમીટરના અંતરે આવેલી છે. ગુનેરી ખાતે આવેલા મેંન્ગ્રૂવમાં પાણી ક્યારેય આવતું નથી કે કીચડ પણ થતું નથી. અહીં સપાટ જમીન પર 33 હેક્ટર વિસ્તારમાં જંગલની જેમ મેંન્ગ્રૂવ પથરાયેલા જોવા મળે છે, જે તેની વિશિષ્ટતા છે.)*

. . . . . . . . . . . . .

# SHAHID DIN UJAVANI

શહીદ દિન અંતર્ગત આજે દેશની સાથે સાથે રાજ્યભરમાં વિવિધ સ્થળોએ શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે.

30 મી જાન્યુઆરી 1948ના દિવસે દિલ્હીમાં સાંજે પાંચ અને 17 મિનિટે ગાંધીજીની હત્યા કરાઈ હતી. જેથી દર વર્ષે 30 જાન્યુઆરીનાં રોજ તે જ સમયે પોરબંદરમાં બાપુના જન્મ સ્થળ કીર્તિમંદિર ખાતે સર્વધર્મ પ્રાર્થનાસભાનું આયોજન થાય છે.

આ અંગે જિલ્લા કલેક્ટર એસ.ડી.ધાનાણીએ વધુ માહિતી આપી.

**(BYTE -- S D Dhanani, Collector)**

દરમિયાન આજે તાપી, મહેસાણા, પાટણ, ડાંગ, ભાવનગર, નવસારી જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ વિવિધ સરકારી કચેરીઓ, મામલતદાર કચેરીઓમાં તેમજ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ ખાતે શહીદો પ્રત્યે ઋણ અદા કરવા શ્રદ્ધા અને સન્માનની ભાવનાથી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# Weather

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી પાંચ દિવસ રાજ્યમાં લઘુતમ તાપમાનમાં કોઇ નોંધપાત્ર ફેરફાર થશે નહીં. બીજી અને ત્રીજી ફેબ્રુઆરીના રોજ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં હવે માંવઠાની શક્યતા નહીવત્ છે.

ઉત્તર પશ્ચિમ દિશા તરફથી આવતાં પવનને લીધે ગુજરાતમાં દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

છેલ્લાં 24 કલાકમાં વડોદરા તેમજ રાજકોટમાં લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે સુરતમાં 16.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના ડાયરેક્ટર એકે દાસે વધુમાં આ મુજબ જણાવ્યું...

**(BYTE -- A K DAS)**

. . . . . . . . . . . . .

# PM AWAS YOJNA

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ વર્ષ 2024-25ના વર્ક ઓર્ડર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય અભેસિંહ તડવી અને જેતપુર પાવીના ધારાસભ્ય જ્યંતિભાઈ રાઠવા દ્વારા 588 લાભાર્થીઓને વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .